ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શાહરૂખના કાર્યક્રમમાં અવ્યવસ્થા : નગરમાં નારાજગી

## હાથમાં પાસ લઈ ગેટ પર ઉભેલા આમંત્રિતોને જ પ્રવેશ ન અપાયો : ભારે અવ્યવસ્થા વચ્ચે કાર્યક્રમ સમેટાયો





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ગઈ કાલે યોજાયેલા શાહરૂખ ખાનના કાર્યક્રમ દરમિયાન ભારોભાર અવ્યવસ્થા સર્જાતા આમંત્રિતો સહીત નગરજનો પણ ગોથે ચઢયા હતા. હાથમાં પાસ લઈને ઉભેલા કોલેજ સ્ટુડન્ટસ સહીતના આમંત્રિતોને ગેટ પરથી પ્રવેશ ન અપાતા કલાકો સુધી ભીડ ભાડ વચ્ચે અવ્યવસ્થા સર્જાઈ હતી. સે-૧૭ સ્થિત એકિઝબીશન સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બોલીવુડ સ્ટાર શાહરૂખખાન અને દિપીકા સહીતના કલાકારો ઉપસ્થિત રહેવાના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા વનતંત્રની કચેરીમાં પ્રવેશવાનો ગેટ અદશ્ય

### ઘ-માર્ગ પર સ્થિત વન વિભાગની ઓફિસ હાંસિયામાં ધકેલાતા મુલાકાતીઓ પણ તોબા : ટાઉનહોલનો કચરો પણ વનવિભાગના કેમ્પસમાં ઠલવાય છે

ગાંધીનગર, તા. ૧૩

શહેરના ઘ-માર્ગને અડીને સે. ૧૭માં સ્થિત જિલ્લા વનતંત્રની કચેરી તરફ જવાનો રસ્તો જ જાણે અદશ્ય થઈ ગયો છે. સ્વર્ણિમ પાર્કના આયોજનને લઈ વન વિભાગની કચેરી જવા માટે ટાઉનહોલ ફરીને પાછળથી અંદર પ્રવેશવું પડે છે. જેના પરિણામે મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા છે. જ્યારે આખે-આખી જિલ્લા કક્ષાની કચેરી ભૌગોલિક દષ્ટિએ જાણે હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. બીજીતરફ કચેરીના સંકુલમાં ટાઉનહોલમાં યોજાતા સમારંભોના લીધે ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. ટાઉનહોલમાં યોજાતા કાર્યક્રમો દરમિયાન વન વિભાગની કચેરીનો પાછળનો ભાગ જાણે ડમ્પીંગ સાઈટમાં ફેરવાઈ ગયો છે.

ગાંધીનગર વન વિભાગની કચેરીમાં પ્રવેશવાનો રસ્તો જ જાણે ઘણાં સમયથી અદશ્ય થઈ ગયો છે. સ્વર્ણિમ પાર્કના આયોજનને લઈ ટાઉનહોલ પાસેના રસ્તામાં સ્થિત ગેટ બંધ કરી દેવાયો છે. શહેરના મુખ્યમાર્ગ પર સ્થિત આ જિલ્લા કક્ષાની કચેરીમાં પ્રવેશવા માટે આમ નાગરિકો અને મુલાકાતીઓએ ગોથે ચઢવુ પડે છે. બીજીતરફ વનતંત્રની કચેરી પાછળ સ્થિત ટાઉનહોલના લીધે આ વિસ્તારમાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. ટાઉનહોલમાં યોજાતા કાર્યક્રમ તેમજ ભોજન સમારંભોના અંતે કચરો વનવિભાગના કેમ્પસમાં ઠાલવી દેવાયછે. વનતંત્રની કચેરીના આંગણાને જ જાણે ડમ્પીંગ સાઈટ બનાવી દેવાઈ હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. સ્વચ્છ ભારતના અભિયાનના અંતે અહીં કોઈ સુધાર આવી શકયો નથી !!

# જીપીએસસીની પરીક્ષાઓ પૂર્ણ થતા ઉમેદવારોમાં રાહત

### ચાર-પાંચ માસની આકરી મહેનત અને નવરાત્રી પર્વ પછી તુરંત લેવાયેલી પરીક્ષા પતી જતા પરીક્ષાર્થીઓ હળવાશ અનુભવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત જીપીએસસી વર્ગ-૧ અને વર્ગ-૨ ની પ્રાથમિક પરીક્ષાઓ તા. ૧૨મી ઓકટોબર રવિવારે યોજાઈ હતી. નવરાત્રી બાદ તુરંત યોજાયેલી આ પરીક્ષા સંપન્ન થતા છેલ્લા ચાર માસથી આકરી તૈયારી કરી રહેલા ઉમેદવારોએ હાલ રાહતનો દમ લીધો છે.

વર્ષની શરૂઆતમાં જાહેર થયા મુજબ ભરતી કેલેન્ડર મુજબ જીપીએસસીની પરીક્ષાઓ જાહેર કરાઈ હતી. જો કે સમગ્ર પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાનાર છે. જેમાં પહેલો તબક્કો પ્રિલિમનરી પરીક્ષા, બીજો તબક્કો મુખ્ય પરીક્ષા અને ત્રીજો તબક્કો મૌખિક કસોટીનો છે. આ પરીક્ષાના પહેલા તબક્કા મુજબ રવિવારે ત્રણ ભાગમાં પરીક્ષા યોજાઈ હતી. જેમાં પહેલુ પેપર ગુજરાતી અને અંગ્રેજીનું હજુ, બીજુ પેપર ગણિત અને રીઝનીંગનું તેમજ છેલ્લું પેપર જનરલ સ્ટડીઝનું લેવાયું હતું. આ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાના કુલ ૨૪,૬૪૮ પરીક્ષાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૧૫,૦૪૨ ઉમેદવારોએ ભાગ લીધો હતો. નવરાત્રીના તહેવાર બાદ તુરંત જ પરીક્ષાઓ હોવાથી ઘણા પરીક્ષાર્થીઓ તેમની તૈયારીઓ પૂર્ણ કરી શક્યા નહોતા જ્યારે ઘણા પરીક્ષાર્થીઓને કોર્સ ખૂબ લાંબો લાગ્યો હતો જેના કારણે પણ તેઓ તેમની તૈયારીઓ પૂર્ણ ના કરી શકતા કુલ ૯૬૦૨ જેટલા ઉમેદવારો પરીક્ષામાં સામેલ થયા નહોતા. જ્યારે પરીક્ષામાં સામેલ થનાર પરીક્ષાર્થીઓએ ભરતી પ્રક્રિયાનો એક તબક્કો પૂર્ણ થવાથી રાહતનો દમ લીધો હતો. તેમણે હવે આગામી તબક્કાની

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ-મહેસાણા માર્ગને અનુલક્ષી સર્વિસ રોડ બનાવવા દરખાસ્ત

### અડાલજ બ્રિજથી જમિયપુરા રેલવે બ્રિજ સમાંતર સર્વિસ રોડ અને ફૂટપાથ બનાવવા વિચારણા : ૧૪ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૩

સાબરમતી-કલોલ-મહેસાણા માર્ગપર ટ્રાફિકના ભારણને ધ્યાને લઈ કલોવર લીફથી જમિયતપુરા રેલવેબ્રિજ વચ્ચે સર્વિસ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અન્વયે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ. ૧૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

સાબરમતી-કલોલ-મહેસાણા માર્ગપર છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જ્યારે ટ્રાફિકનું ભારણ વધતા આ રૂટ પર માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઈ છે. મુખ્યમાર્ગપર ટ્રાફિકનું ભારણ ઘટાડવા તંત્ર દ્વારા સર્વિસ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અડાલજ બ્રિજ નીચે અગાઉ કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યાં કલોવર લીકથી જમીયતપુરા રેલવે બ્રિજ સુધીના પોળા બે કીલોમીટરના અંતરમાં સર્વિસ રોડ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં માર્ગ આસપાસ ફૂટપાથ બનાવવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. તંત્ર દ્વારા આ મામલે દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. સર્વિસ રોડના નિર્માણ પાછળ રૂ. ૧૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સર્વિસ રોડ બન્યા બાદ નાના વાહનચાલકોને અવર-જવર સરળ બનવાની સાથે માર્ગ સલામતી પણ જળવાશે. આ દરમિયાન રૂટમાં આવતા ૫ રૂટ પણ બંધ કરી દેવાશે. જ્યારે ફૂટપાથ આસપાસના વિસ્તારમાં પણ લેન્ડ સ્કેપીંગ પણ કરવામાં આવશે.




ફૂટપાથ બજાર - દિવાળીના તહેવારોના પગલે શોપીંગ મોલ, દુકાનોની સાથે સાથે ફૂટપાથ બજાર પણ ધમધમી રહ્યું છે... ગાંધીનગરના ઘ-માર્ગ પર ફૂટપાથની આસપાસ વિવિધ વસ્ત્રોનું બજાર ઉભું થઈ રહ્યું છે... શાળા-કૉલેજથી છૂટ્યા બાદ યુવક-યુવતીઓ આ ફૂટપાથ બજારની મુલાકાત લઈ ખરીદી કરી રહી છે... જો કે હજુ દિવાળીની એટલી ઘરાકી ખુલી નથી... પણ વેપારીઓને આવતા સપ્તાહે દિવાળીની ખરીદીમાં તેજી આવશે એવી આશા વ્યક્ત કરી રહ્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)


દિવાળીના તહેવારમાં શુદ્ધ માવાની અને શુદ્ધ ઘીની મધુરની મીઠાઈઓ

'ધી ટેસ્ટ ઓફ કેપીટલ'

**મધુર**



વ્હાલા ગ્રાહકમિત્રો,

દિપાવલી પર્વની શુભેચ્છાઓ... આપને જણાવતા આનંદ થાય છે કે શુદ્ધ, સાત્વિક અને વ્યાજબી ભાવની મધુરની મીઠાઈઓથી આપ વંચિત ન રહો તે માટે નીચે જણાવેલાં કેન્દ્રો પરથી મળી રહે, તેવો અમારો નમ્ર પ્રયાસ છે. સ્ટોક ખલાસ થાય તે પહેલાં જરૂરિયાત મુજબની મધુરની મીઠાઈઓ ખરીદી લેવા વિનંતી છે.

**કોઈપણ પ્રકારની અફવાઓથી ભરમાશો નહિ... આપનો સહકાર એ જ અમારો વિશ્વાસ**

મધુર એટલે બસ મધુર... જ

| ક્રમ | મીઠાઈનું નામ | ભાવ | ક્રમ | મીઠાઈનું નામ | ભાવ |
|---|---|---|---|---|---|
| ૧ | મોહનથાળ | ૨૨૦ | ૮ | કાજુ બરફી | ૨૭૦ |
| ૨ | મગસ | ૨૨૦ | ૯ | કાજુ કતરી | ૪૭૦ |
| ૩ | ટોપરા પાક | ૨૭૦ | ૧૦ | કાજુ રોલ | ૪૭૦ |
| ૪ | કેશર પેંડા | ૩૦૦ | ૧૧ | અંજીર રોલ | ૪૭૦ |
| ૫ | રજવાડી પેંડા | ૩૧૦ | ૧૨ | ઈલાયચી પેંડા | ૨૮૦ |
| ૬ | ચોકલેટ બરફી | ૨૭૦ | ૧૩ | શિખંડ (૫૦૦ ગ્રામ) | ૮૦ |
| ૭ | રજવાડી હલવો | ૨૭૦ | | | |

-:● પ્રાપ્તિ સ્થાન ●:-

: કામધેનુ પાર્લર :

સેક્ટર-૨૫ મધુર ડેરી મેઈન ગેટ ● સેક્ટર-૧૬ પાટનગર યોજના ભવન ● ઘ-૫ સર્કલ ● સેક્ટર-૨૮ ગાર્ડન ● વાસણીયા મહાદેવ ● કોલવડા-૧ ● વાવોલ ● છાલા ● પાલજ ● ટીંટોડા ● રૂપાલ ● ગિયોડ, અંબાજી માતાનું મંદિર

: મધુર પાર્લર :

સેક્ટર-૭ શોપીંગ સેન્ટર ● સેક્ટર-૩ ન્યુ/એ, જલારામ કોમ્પલેક્ષ ● સેક્ટર-૨૧/૧, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર ● સેક્ટર-૨૧/૨, વિશ્વકર્મા શોપીંગ ● ડભોડા ● આદરજ મોટી ● ચિલોડા ● કોલવડા-૨ ● ઉનાવા ● ઈસનપુર ● વાવોલ

: મધુર એજન્સી :

ગ-૨, જલારામ પાર્લર, સેક્ટર-૨/સી ● સેક્ટર-૪/બી, અર્બુદા સેલ્સ એજન્સી ● મધુર કેન્દ્ર, પ્રમુખનગર, ખ-રોડ, સરગાસણ ● બાલવા-કામધેનુ પાર્લર ● રાંધેજા-ખુશબુ પાર્લર ● ઉવારસદ-ઉમિયા પાર્લર ● ચિલોડા-વહાણવટી/કૃષ્ણ ડેરી /પટેલ પાન પાર્લર ● સાદરા-જયઅંબે ડેરી ● કલોલ-કામધેનુ વખારીયા હાઈસ્કૂલ પાસે ● પેથાપુર ચોકડી - કામધેનુ પાર્લર ● ચંદ્રાલા - ગણેશ કોલ્ડ્રીંક્સ ● સરઢવ - કામધેનુ કેન્દ્ર ● મુબારકપુર-સિદ્ધેશવરી પાર્લર ● નારદીપુર ● મગોડી ● મહાકાળી સોડા સેન્ટર, પ્રાંતિયા ● મધુર કેન્દ્ર, દશેલા

નોંધ : જરૂરીયાત મુજબની મીઠાઈની એડવાન્સ રકમ જે તે સ્ટોલ પર જમા કરાવવાથી તે સ્ટોલ પરથી માલ મળી રહેશે.

**મધુર એટલે શુદ્ધતા અને સ્વાદનો સુમેળ... વર્ષોથી...**

સહકારનું સરનામું એટલે ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, સેક્ટર-૨૫, ગાંધીનગર

મોડા ન પડશો, માલ ખલાશ થાય તે પહેલા ખરીદી લ્યો...


# આવતીકાલે ગાંધીનગરમાં નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ'

### 'દર્શક'ની લોકપ્રિય નવલકથા 'સોક્રેટીસ' આધારિત, કલાસિક નાટક માણવા નાટ્યરસિકોને અનોખી તક

ગાંધીનગર, ૧૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા. ૧૫ ઓકટોબર, બુધવારે રાત્રે ગુજરાતી ભાષાના મહાન લેખક શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ની કલાસિક નવલકથા 'સોક્રેટીસ' પર આધારિત નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ' નો એક પ્રયોગ, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ભજવાશે.

'દર્શક'ની જન્મશતાબ્દીની ઊજવણીના ભાગરૂપે અમદાવાદ થિયેટર ગ્રુપ અને રંગમંડળ નિર્મિત, સોક્રેટીસના જીવન-કવન પર આધારિત આ નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ'નું દિગ્દર્શન ગુજરાતી રંગભૂમિના જાણીતા, પ્રયોગલક્ષી દિગ્દર્શક શ્રી રાજુ બારોટે સંભાળ્યું છે.

આ અલગ તાસીરના, કલાસિક નવલકથા પર આધારિત કલાસિક નાટક તા. ૧૫મીને બુધવારે રાત્રે ટાઉનહોલ ગાંધીનગરમાં રાત્રે ૯.૩૦ કલાકે માણવા નગરના નાટ્યરસિકોને હાર્દિક નિમંત્રણ છે. સાહિત્ય અને નાટકમાં રસ ધરાવનાર પ્રેક્ષકોને તેમના પ્રવેશપત્રો બુધવારે બપોરે બે વાગ્યા સુધીમાં કલ્ચરલ ફોરમ કાર્યાલય, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ખાતેથી મેળવી લેવા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટની પેટા ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત

ગાંધીનગર, તા.૧૩

રાજકોટ-૨ બેઠકની પેટાચૂંટણીના ચૂંટણી પ્રચાર પડઘમ આજ સાંજથી શાંત થઈ જશે તેની સાથે જ પાછલા બારણે છેલ્લી ઘડના પ્રયાસ રૂપે ખાનગીમાં લોકસંપર્ક કરવાના પ્રયાસો ઉમેદવારો દ્વારા કરાશે.

વજુભાઈ વાળાએ આપેલા રાજીનામાથી રાજકોટ-૨ બેઠકની પેટા ચૂંટણી ૧૫મી ઓકટોબરના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ બેઠક પર આજ સાંજથી જ ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ જતાં હવે ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા મતદાનના દિવસે વધુ મતદાન થાય તે માટે બુથ લેવલનું વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં વ્યસ્ત બન્યા છે.

બીજી બાજુ પેટા ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે આ બેઠકના મત વિસ્તારમાં સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત મતદાન મથકો પર શસ્ત્ર જવાનોને ફરજ ઉપર તૈનાત કરવામાં આવનાર છે.


**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર**

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી ● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.



SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com